માદા મચ્છર કરડવાથી જ વાહકજન્ય રોગ થાય છે

ગાંધીનગરમાં મચ્છરોના ત્રણેય પ્રકાર જોવા મળ્યા છે : મચ્છરનું આયુષ્ય ૨૮ થી ૩૦ દિવસ, માદા મચ્છર તેના વજન કરતાં અઢી ગણું લોહી ચૂસે છે

ગાંધીનગર, તા.૨૯

એનોફીલીસ માદા મચ્છર કરડવાથી જ મેલેરિયા થાય છે. જયારે એડીસ ઈજીપ્તી મચ્છર કરડવાથી ડેન્ગ્યુ થાય છે. તો કયુલેક્ષ માદા મચ્છર કરડવાથી હાથીપગો જાપાનીઝ એન્સેફેલાઈટીસ થતો હોય છે.

ગાંધીનગર જિલ્લામાં આ ત્રણેય પ્રકારના

મચ્છરોની ઉત્પત્તિ જોવા મળી રહી છે. આ વખતે મેલેરિયાના કેસોની સંખ્યામાં ગત વર્ષની તુલનામાં વધારો પણ નોંધાયો છે. ત્યારે લોક જાગૃતિ અભિયાન તંત્ર દ્વારા તેના અંતિમ ચરણમાં છે. આ મચ્છરોની ઉત્પત્તિ અને તેની કેટલીક જાણવા જેવી બાબતો અમારા વાચકોની જાણકારી માટે રજુ કરીએ છીએ.

વાહકજન્ય રોગચાળામાં મચ્છરનું મહત્વ છે. આ મચ્છરમાં પણ નર અને માદા એમ બે પ્રકારના મચ્છરો જોવા મળે છે. આ મચ્છરનું સરેરાશ આયુષ્ય ૨૮ થી ૩૦ દિવસનું હોય છે.

તે દર સપ્તાહે ૧૦૦ થી ૧૫૦ જેટલા ઈંડા મુકે છે. અને ૮ થી ૧૦ દિવસમાં અનુકૂળ વાતાવરણે ઈંડા, પોરા-કોસેટો અને પુખ્ત મચ્છર બનતો હોય છે. મેલેરિયા એ પ્લાઝમોડીયમ નામના પરોપજીવી જંતુથી થાય છે.

માદા એનોફિલીસ મચ્છર મેલેરિયાના દર્દીને કરડી ચેપી બને છે જે તંદુરસ્ત વ્યકિતને કરડે તો તે વ્યકિતને ૧૦ થી ૧૪ દિવસ પછી મેલેરિયા થતો હોય છે.

નર મચ્છર વનસ્પતિના ફુલો પાંદડાના રસનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. જયારે માદા મચ્છરને ઈંડાના પોષણ માટે પ્રોટીનની જરૂરિયાત હોય તે પ્રાણીઓનું લોહી પીવે છે. પાણી ઉપલબ્ધ ન હોય ત્યારે તે માણસનું લોહી પીવે છે.

આ માદા મચ્છર દર ત્રીજા દિવસે લોહી ચુસે છે. તેના વજન કરતાં તે બે થી અઢી ગણું લોહી ચુસે છે. લોહી પીધા બાદ તે નજીકની દિવાલ પર આરામ પણ કરે છે.

ડેન્ગ્યુ એ માદા એડીસ ઈજીપ્તી મચ્છર દ્વારા ફેલાતો એક વાયરલ તાવ છે. આ ડેન્ગ્યુના તાવ ત્રણ પ્રકારના હોવાનું જણાયું છે. જો કે ચિકનગુનિયા પણ આ જ મચ્છરથી ફેલાતો એક વાયરલ રોગ છે.

ગાંધીનગર શહેરમાં મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા આ વખતે તંત્ર એ એડીયોટીનું જોર લગાવ્યું છે. તંત્ર એ લોક જાગૃતિ અભિયાનમાં ભવાઈ-પપેટ શો જેવા કાર્યક્રમો યોજયા છે તો સીધો સંવાદ પણ રહીશો સાથે યોજી અને આ રોગચાળાને નિયંત્રિત કરવાના પ્રયાસો કર્યા છે. શહેરની વિવિધ બાંધકામ સાઈટોના મજૂરોનું સ્ક્રીનીંગ પણ કર્યું છે. તો હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના લોહીના નમુના લઈ નગરને સ્વસ્થ રાખવાના પ્રયાસો હાથ ધર્યા છે.

આ ત્રણેય મચ્છરોની ઉત્પત્તિ નગરમાં નોંધાઈ હોવાનો આડકતરો એકરાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે. જો કે હજુ સુધી પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

નરેન્દ્ર મોદી જ વડાપ્રધાન પદના ઉમેદવાર છે : પૂંજ

ગાંધીનગર ટાઉનહોલમાં કાર્યકર્તા સંમેલનમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી લોકસભાની આગામી ચૂંટણીમાં વડાપ્રધાનપદના દાવેદાર છે એમાં કોઈ બેમત નથી તેવું સ્પષ્ટ ભાજપના પ્રવકતા અને ગુજરાતના પ્રભારી શ્રી બલવીર પુંજે આજે જણાવ્યું હતું.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે કાર્યકર્તાઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૨માં ૨/૩ બહુમતિ હાંસલ કર્યા બાદ ગાંધીનગરની રાજકીય શકિતનો પ્રવાહ દેશના રાજકારણમાં પણ નવી શકિતનો સંચાર કરશે.

તેમણે જણાવ્યું હતું કે છેલ્લા એક દસકામાં ગુજરાતે જે પ્રગતિ કરી છે તે અદ્વિતીય છે. તેમણે જણાવ્યું હતું કે વિધાનસભાની આગામી ચૂંટણીમાં પણ વિકાસનો મુદ્દો જ મહત્વનો બનશે. ગુજરાતમાં જે રીતે ઉર્જા, આરોગ્ય, શિક્ષણ ક્ષેત્ર સહિત સર્વાંગી વિકાસના કાર્યક્રમો થયા છે તે આજે સૌની ચર્ચાનો વિષય બન્યા છે.

શબ્દાનુપ્રાસ અલંકારનો ઉપયોગ કરી તેમણે એમ પણ જણાવ્યું હતું કે રાવણને રામે માર્યો, કંસને કૃષ્ણે માર્યો હવે મનમોહનને મોદી હરાવશે. શ્રી પૂંજે જણાવ્યું હતું કે ભાજપ પાસે જે શિસ્તબધ્ધ કાર્યકર્તા છે તે અન્ય પક્ષ પાસે નથી અને એ જ આપણી મૂડી છે.

કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં તેમણે જણાવ્યું હતું કે આસામમાં ભડકેલી હિંસા એ કોંગ્રેસની અણઆવડતનું પરિણામ છે. તેમણે મોંઘવારી નાથવામાં પણ કોંગ્રેસ અને યુ.પી.એ. નિષ્ફળ ગયાનું જણાવ્યું હતું. શ્રી પૂંજે જણાવ્યું હતું કે દેશની આર્થિક સ્થિતિ જે એન.ડી.એ.ના શાસનકાળ દરમિયાન મજબુત હતી તેને ડામાડોળ યુ.પી.એ. દ્વારા કરી દેવામાં આવી છે.

આ સમારોહમાં પૂર્વ ધારાસભ્ય શ્રીમતી ચંદ્રાબેન શ્રીમાળી, શ્રી રજુજી ગોલ અને તેમના સાથી કાર્યકરો સહિત ૨૦૦થી પણ વધુ આગેવાનો ભાજપમાં જોડાયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

આ સમારોહમાં સંગઠનના જિલ્લા પ્રભારી શ્રી કે.સી. પટેલ, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પણ પ્રાસંગિક ઉદબોધનો કર્યા હતાં.

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે રવિવારે ભાજપ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત ભાજપના પ્રવકતા અને ગુજરાતના પ્રભારી બલવીર પૂંજે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. **(તસવીર : દિપક જાની)**

હવે એક વૃક્ષ કાપવું હશે તો સામે પાંચ વૃક્ષ વાવીને બતાવવાં પડશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં વૃક્ષ કાપવાની પરવાનગી માગનાર

છેલ્લા ૫૦ વર્ષમાં રક્ષિત અને અવર્ગીકૃત વનનો ખાતમો નિકળી ગયો પણ રિઝર્વ ફોરેસ્ટમાં ત્રણ ગણો વધારો,હવે કાયદામાં સુધારો કરાશે

વ્યક્તિ કે સંસ્થા જ્યાં સુધી બીજા પાંચ વૃક્ષ નહીં વાવે ત્યાં સુધી તેને વૃક્ષછેદનની મંજૂરી આપવામાં નહીં આવે.

આ પ્રકારનો સુધારો સરકાર ફોરેસ્ટના કાયદામાં કરી રહી છે. નડતર વૃક્ષ કાપવાની સત્તા હાલ મામલતદારનો આપવામાં આવેલી છે તેમની મંજૂરી મળ્યા પછી વૃક્ષ કાપી શકાય છે પરંતું સરકાર હવે સૌરાષ્ટ્ર ફેલીંગ ઓફ (ઇન્ફલીકેશન) એન્ડ પનીશમેન્ટ) એકટ-૧૯૫૧માં સુધારો કરવા માગે છે.

આ સુધારામાં એવી જોગવાઈ કરવામાં આવશે કે એક વૃક્ષને કાપવાની મંજૂરી જે કોઇ વ્યક્તિ કે સંસ્થા તરફથી માગવામાં આવશે તો તેણે અન્ય જગ્યાએ ઓછામાં ઓછા પાંચ વૃક્ષ વાવવા પડશે.

બીજી તરફ ગુજરાતમાં જંગલો કપાતા જાય છે તેવી ફરિયાદ સાંભળવા મળે છે પરંતું આ ફરિયાદ અનામત જંગલો માટેની નથી કારણ કે અનામત જંગલોના વિસ્તારમાં તો ભારે મોટો વધારો થયો છે.

ગુજરાતના વનની સ્થિતિ : આજ ઔર કલ

	૧૯૬૦	૨૦૦૭
જંગલનો પ્રકાર	(ચો.કિમી)	(ચો.કિમી)
રિઝર્વ ફોરેસ્ટ	૫૫૬૮.૬૩	૧૪૧૩૧.૧૫
પ્રોટેકટેડ(રક્ષિત)	૧૨૫૬.૨૦	૪૭૬.૭૩
અવર્ગીકૃત ફોરેસ્ટ	૮૨૮૩.૩૫	૪૩૧૯.૪૦

૧૯૬૦માંઅનામત જંગલોવિસ્તાર ૫૫૬૮.૬૩ ચોરસ કિલોમીટર હતોતે ૨૦૦૭માંવધીને ૧૪૧૩૧.૧૫ ચોરસ કિલોમીટરનો થયો છે. રાજયમાં અવર્ગીકૃત અને પ્રોટેક્ટેડ (રક્ષિત) ફોરેસ્ટ વિસ્તાર ઘટયો છે. રાજય સરકાર વન મહોત્વનની ઉજવણી કરી રહી છે ત્યારે આ પ્રકારના જંગલોને બચાવવાના પ્રયાસ કરવા જોઈએ.

ગુજરાતમાં છેલ્લા ૫૦ વર્ષમાં અનેક પરિવર્તન આવ્યાં છે. રાજયમાં આવેલી એક પછી એક સરકારોએ વિકાસ કરવાના ઉદેશથી રક્ષિત અને અવર્ગીકૃત ફોરેસ્ટનો ખાતમો બોલાવી દીધો છે, જો કે અનામત જંગલો અને સોશ્યલ ફોરેસ્ટ્રીમાં વધારો થયો હોવાનું ગૌરવ ગુજરાત લઈ શકે છે.

રાજયના વન અધિકારી હેમંત સુથારે ૧૯૬૦ના જંગલોની સ્થાપના વિશે લખ્યું છે કે રિઝર્વ ફોરેસ્ટ વિસ્તાર લગભગ ત્રણ ગણો વધ્યો છે. બાકીનો વિસ્તાર ઘટવાનું કારણ શહેરો અને ગામડાઓનો વિકાસ છે.

બેસણું

તક્ષશિલા કેળવણી મંડળ - ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, શિવકુમાર શિવશંકર દવેના પુત્ર અને મંડળના ટ્રસ્ટી **સ્વ. શ્રી ગજેન્દ્રકુમાર શિવકુમાર દવે** તા. ૨૭-૭-૨૦૧૨ શુકવારના રોજ દેવલોક પામેલ છે. **તેઓનું બેસણું તા. ૩૦-૭-૨૦૧૨નો સોમવારના રોજ સવારે ૯ થી ૧૧**ના સમયે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :
જે-૧૩, શાયોનાસીટી વિભાગ-૧
ઘાટલોડિયા, અમદાવાદ

લિ.
રોહિતકુમાર જી. દવે (પુત્ર)
વિમલકુમાર જી. દવે (પુત્ર)

પ્રાર્થના સભા

કાર્તિકેયભાઈ (ટોરેન્ટ પાવર)
વિનાયકપ્રસાદ બુચના સુપુત્ર,
પિયુષભાઈના ભત્રીજા **નંદિપ**
ઉ.વ. ૨૨નું તા. ૨૭/૭/૨૦૧૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતને ભાવાંજલિ આપવા તા. ૩૦/૭/૧૨, સોમવારના રોજ સાંજના ૫-૩૦ થી ૬-૩૦ **પ્રાર્થના સભા** રાખવામાં આવેલ છે.

સ્થળ : શ્રી વરિયા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટ, મિલન મંદિર, વસંતકુંવરબા સ્કૂલના સામે, સેકટર-૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

આજે સોમનાથ મહાદેવ મંદિર,સે-૧૬ ખાતે દિપમાળા અને મહાઆરતી

ગાંધીનગર, તા.૨૯

બ્રહ્મસમાજ સંકુલ સ્થિત શ્રી સોમનાથ મહાદેવ ખાતે શ્રાવણિયા સોમવાર નિમિત્તે આવતીકાલે ૩૦ જુલાઈએ રાત્રે દિપમાળાથી મંદિર સજાવાશે. સાંજે ૭-૩૦ વાગે મહાઆરતીનો કાર્યક્રમનું આયોજન કરેલ છે. સૌ ભાવિક ભક્તોને લાભ લેવા બ્રહ્મસમાજ, ગાંધીનગરના આગેવાનોએ ભક્તિભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

Gujarat State Petronet Limited
The Energy Lifeline of Gujarat
Regd office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010

Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 09th August, 2012, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2012.

For Gujarat State Petronet Limited
sd/-
Asst. General Manager (S&L)

Place: Gandhinagar
Date: 28th July, 2012

વિવિધ પ્રકારનાં ફળોથી બજારો ઉભરાયાં..

કેળાં, પપૈયું, ખારેક, સફરજન જેવાં ફળોનાં ભાવ ઉંચા રહેતાં ગ્રાહકો પરેશાનીમાં ને વેચાણમાં હજુ મંદી

ગાંધીનગર, તા.૨૯

શ્રાવણ અને રમઝાન માસ ચાલી રહ્યા છે. આ બંને પવિત્ર માસ દરમિયાન ફળોનું મહત્વ ખુબ વધારે હોય છે. ત્યારે વિવિધ પ્રકારના ફળોથી બજારો ઉભરાઈ રહ્યા છે. ફળોથી ભરપૂર લારીઓ મન મોહે છે. સાતથી આઠ પ્રકારના ફળો હાલમાં બજારોમાં વેચાઈ રહ્યા છે.

આજકાલ બજારોમાં જાઓ તો ફળોથી ભરપુર લારીઓ સૌપ્રથમ નાજરે પડે. શ્રાવણ અને રમઝાન માસ ચાલી રહ્યો હોવાથી હાલમાં ફળોની ખરીદી પણ ખુબ થઈ રહી છે. કચ્છની લીલી ખારેક ઉપરાંત કેળાં ખુબ વેચાઈ રહ્યા છે. પપૈયું અને તડબુચ પણ બજારોમાં આવ્યા છે. ફળોનો વેપાર કરતી મંજુલા કહે છે કે હાલમાં તડબુચની સીઝન નથી પરંતુ રમઝાન ચાલી રહ્યા હોવાથી અમે ખાસ તડબુચ મંગાવ્યા છે. મુસ્લિમો તડબુચની ખુબ ખરીદી કરે છે.

બજારોમાં હાલમાં કેરી પણ દેખાઈ રહી છે. લીલા રંગની રસદાર લંગડા કેરી દિલ્હી અને તેના આસપાસના વિસ્તારોમાંથી અહીં વેચાણ માટે આવે છે. કેરીના શોખીનો તેની ખરીદી કરતા નજરે પડે છે. કાશ્મીરના નાના પીળા-લાલ સફરજનો છલકાતી લારીઓ જોવા મળી છે. સ્વાદમાં થોડાક ખાટા એવા આ નાના સફરજન બાળકોને ખૂબ પ્રિય છે. પેરુ અને નાસપતિના ભાવો પ્રમાણમાં અન્ય ફળો કરતા ઓછા હોવાથી શ્રાવણના ફળાહારમાં કેળા સાથે તેનું વેચાણ વધુ થાય છે. આ ઉપરાંત રાસબરી તરીકે ઓળખાતા લાલચટ્ટાક ખાટા મીઠા ફળો પણ ખુબ વેચાઈ રહ્યા છે. જો કે આ વર્ષે ફળોના ભાવો ગયા વર્ષ કરતાં ૧૦ થી ૧૫ ટકા જેટલા વધુ હોવાથી ગ્રાહકો ખુબ ભાવતાલ કરી ફળો ખરીદે છે.

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI
T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક સિમેન્ટ
સેલ્સ પ્રમોટર્સ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦

SANGHI CEMENT
KisaN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com